૧) સાફલ્ય ગાથા (ફોટાઓ સાથે)

૨) સુરક્ષા સેતુ અંતર્ગત થયેલ કાર્યક્રમો તથા તેને અનુરૂપ ફોટાઓ વિગત

ગુજરાત જાહેર સેવા અંગેનો નાગરિકોનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ અંગેની તાલીમ સરકારશ્રી દ્વારા તા.૨૩-૩-૧૬ નાં રોજ બપોરે ૧૨-૪૫ કલાકે વિડીયો કોન્ફરન્સ રુમ તેમજ તાલુકા કક્ષાની કચેરીઓને તેઓના તાલુકા મથકનાં વિડિયો કોન્ફરન્સ રુમ ખાતે હાજર રહી તાલીમ ભાગ લીધેલ .




## <u>ફોર વ્હીલર ગાડી ચોરીની આંતર રાજય ગેંગને ઝડપી પાડી નવસારી જીલ્લાના ફોર વ્હીલર ગાડી ચોરીના ૧૨ ગુનાઓ ડીટેકટ કરતી એલ.સી.બી નવસારી ટીમ</u>

અત્રેના નવસારી જીલ્લામાં મિલ્કત સંબધી ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસ અધિક્ષકશ્રી એમ.એસ.ભરાડા સાહેબે જે.એન.પંચાલ, પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી નવસારીને જરૂરી સુચના આપેલ.

જે અન્વયે ગઇ તા.૨૨,૨૩/૩/૨૦૧૬ ના રોજ જે.એન.પંચાલ પોલીસ ઇન્સ્પેકટર એલ.સી.બી તથા LCBમાં ફરજ બજાવતા એ.એસ.આઇ જગદીશભાઇ જગમોહનભાઇ, હે.કો અર્જુનસિંહ કાનજીભાઇ, હે.કો કલ્યાણભાઇ રામભાઇ, હે.કો સુનિલસિંહ દેવિસિંહ, હે.કો રાકેશ શ્રીરામ, પો.કો વિજયભાઇ મોહનભાઇ, પો.કો સંદીપભાઇ પીઠાભાઇ તથા નવસારી પેરોલ ફર્લો સ્કોડમાં ફરજ બજાવતાં પો.કો દિગ્વિજયસિંહ જગતસિંહ નવસારી જીલ્લામાં ઘરફોડ તથા વાહનચોરીઓના બનતા બનાવો અટકાવવા તેમજ બનેલ ગુનાઓ ડીટેકટ કરવા સારૂ ટીમો બનાવી નાઇટ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન  એ.એસ.આઇ જગદીશભાઇ જગમોહનભાઇ તથા હે.કો કલ્યાણભાઇ રામભાઇ નાઓને સંયુકત રીતે ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, નવસારી જીલ્લામાંથી ફોર વ્હીલર ગાડીઓની ચોરી કરતી ગેંગના ઈસમોએ આજથી એકાદ અઠવાડીયા ઉપર ટવેરા ગાડીઓની ચોરી કરેલ છે. અને તેઓ બીજી ગાડીઓ ચોરી કરવાની ફીરાકમાં છે. તેમજ આ ઈસમો એક સીલ્વર કલરની મારૂતી ઝેન કાર નંબર. G J -5- CE- 0496ની લઇ વિજલપોર તરફથી નીકળી દુધીયાતળાવ, ઉસ્માની ચીકન સેન્ટર ત્રણ રસ્તા થઇ કબીલપોર ગ્રીડ તરફ જનાર છે.

જે મળેલ બાતમી આધારે જે.એન.પંચાલ PI LCB તથા એલ.સી.બી તથા પેરોલ ફર્લો સ્કોડના પોલીસ કર્મચારીઓ ઉસ્માની ચીકન સેન્ટર પાસે વોચમાં હતા દરમ્યાન બાતમીમાં જણાવેલ વર્ણનવાળી તથા નંબરવાળી સીલ્વર કલરની મારૂતી ઝેન કાર નંબર G J -5- CE- 0496 ની આવતા તેને રોકી લઇ પુછપરછ કરતા આ ગાડીમાં (૧)  મલારામ ઉર્ફે મલા આશારામ વેરાણા (દેવાસી) મુળરહે. કોળીગામ તા.રાણીવાડા, જી.ઝાલોર, રાજસ્થાન. હાલરહે.વિજલપુર વ્રજવિહાર એપાર્ટમેન્ટ, ઘર.નં. ૪૦૫, તા.જલાલપોર જી.નવસારી તથા (૨) ભીમારામ ઉર્ફે રાજુ પુરાજી પુરોહિત મુળરહે. ભાગલભીમગામ, તા.ભીનમાલ, જી.ઝાલોર, રાજસ્થાન. હાલરહે. બોરીવલ્લી બસ ડેપો પાસે, બી- ફલેટનં.૫૦૧ સુગરવાડી, ઈસ્ટ મુંબઇ તથા (૩) હકીમખાન ખમીસખાન મરાડીયા મુળરહે.પુનાસાગામ, તા.ભીનમાલ, જી.ઝાલોર, રાજસ્થાન. હાલરહે. સારોલીગેટ સુરત, કિરણ ટ્રાન્સપોર્ટમાં સુરતશહેર તથા (૪) રમેશ બગદારામ રબારી (દેવાસી) મુળ રહે.નીંબોડાગામ, રબારીવાસ, તા.ભીનમાલ,  જી.ઝાલોર, રાજસ્થાન હાલ રહે. મોડાસા પવનસીટી સામે આવેલ એપાર્ટમેન્ટમા પહેલા માળે તા.મોડાસા જી.અરવલ્લીનો હોવાનુ જણાવેલ.

તેમજ તેઓ પાસેની મારૂતી ઝેન કારમાં તપાસ કરતા મારૂતી ઝેન કારમાંથી એક મહેંદી કલરનું પાકીટ, અંગ્રેજીમાં BAFNA, છુટી ફોરવ્હીલ ગાડીઓની ચાવીઓ,એક પક્કડ, એક ડીસમીસ તથા એક કાનસ મળી આવેલ જેથી સદર પકડાયેલ ઈસમોને પુછપરછ કરતા તેઓએ ગઇ તા.૧૬/૦૩/૨૦૧૬નાં રોજ નવસારી મંકોડીયા વિસ્તારમાંથી અગ્રવાલ ટ્રાવેલ્સની એક સફેદ કલરની ટવેરા ગાડી તથા રંગુનનગરમાંથી એક ટવેરા ગાડી ચોરી કરેલ હોવાનું તથા  આ ગાડીઓ ચોરી કરી સુરત લઇ ગયેલ હોવાનુ જણાવેલ તેમજ સદર પકડાયેલ ઈસમો પૈકી (૧) મલારામ ઉર્ફે મલા આશારામ વેરાણા (૨) ભીમારામ ઉર્ફે રાજુ પુરાજી પુરોહિત તથા (૩) હકીમખાન ખમીસખાન મરાડીયા નાઓની વધુ પુછપરછ કરતા સદર બન્ને ટવેરા ગાડીઓ લઇ તા.૧૭/૦૩/૨૦૧૬ના રોજ  સવારના સુરતથી મુંબઇ જતા હતા તે વખતે નવસારી ગણેશ સીસોદરા આર.ટી.ઓ કચેરી પસાર કરી થોડે આગળ જતા રોડ ઉપર પોલીસની ગાડીઓ તથા નાકાબંધી જોતાં ગાડીઓ મુકી નાશી ગયેલ હોવાની હકીકત જણાવેલ.

આમ સદર ચારેય આરોપીઓએ ભેગા મળી નવસારી ટાઉન પો.સ્ટે તથા વિજલપોર પો.સ્ટે વિસ્તારમાં ટવેરા ગાડીઓની ચોરી કરી ચોરી કરતી વખતે વાપરેલ ચાવીઓ નંગ-૧૪,પક્કડ,ડીસમીસ, કાનસ, મળી કૂલ કીં.રૂ.

૩૧૦/- મોબાઈલ ફોન નંગ-૪ કી.રૂ.૨,૦૦૦/- તથા અંગ ઝડતીમાંથી મળી આવેલ રોકડા રૂપીયા ૧,૬૧૫/-, પાકીટ નંગ-૪ કી.રૂ.૦૦/૦૦/- ડ્રાઈવીંગ લાયસન્સની નકલ-૨ કી.રૂ. ૦૦/૦૦/-, આધારકાર્ડની નકલ કી.રૂ.૦૦/૦૦/-, ચુંટણીકાર્ડની નકલ કી.રૂ.૦૦/૦૦/-, મારૂતી ઝેન કાર કી.રૂ.૨,૦૦,૦૦૦/- મળી કૂલ કી.રૂ. ૨,૦૩,૯૨૫/-નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરેલ છે. તેમજ આ ચારેય આરોપીઓને નવસારી ટાઉન પોલીસ સ્ટેશનના ગુનાના કામે જે.એન.પંચાલ પોલીસ ઈન્સપેકટર એલ.સી.બી નવસારી દ્વારા ધરપકડ કરવામાં આવેલ છે.

આ તમામ આરોપીઓની ઘનિષ્ઠ પુછપરછ કરતા આ ગેંગના આરોપીઓએ છેલ્લા બે વર્ષમાં નવસારી ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી- ૬,નવસારી રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી- ૪,જલાલપોર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી- ૨, તથા વિજલપોર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી- ૧ ફોર વ્હીલર ગાડીઓની ચોરી કરી આ ગાડીઓ રાજસ્થાનમાં વેચેલ હોવાની કબુલાત કરેલ છે. આમ એલ.સી.બી નવસારી દ્વારા ઉપરોકત આંતર રાજય આરોપીઓની ધરપકડ કરી નવસારી જીલ્લાના બાર જેટલા ફોર વ્હીલર ગાડી ચોરીના અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરવામાં સફળતા મળેલ છે.

### મુદ્દા નંબર (૧)

1. **જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ.**

- નવસારી જીલ્લા પોલીસ ધ્વારા વર્ષ ૨૦૦૭ થી આજદિન સુધીના ગુમ થયેલ બાળકો/વ્યક્તિઓ શોધવા અંગે મીસીંગ ડ્રાઇવનું આયોજન કરી સગા સબંધીનો સંપર્ક કરી શોધવાની કામગીરી કરવામાં આવે છે.
- ગુમ/અપહરણ થયેલ બાળકોની ભારત સરકાર ધ્વારા શરુ કરવામાં આવેલ વેબસાઇટ http:/ trackthemissingchild.gov.in/ missing/ index.php ઉપર રોજે રોજ એન્ટ્રી કરવામાં આવે છે.
- પી.સી.આર. વાન ચીખલી, બીલીમોરા, નવાસરી ટાઉન વિસ્તાર, નવસારી રુરલ, જલાલપોર વિસ્તારમાં તાલીમ બધ્ધ ડ્રાયવરો તેમજ પોલીસ કર્મચારીઓ મુકી શરુ કરી ૧૦૦ નંબર પર કોલ કરવાથી હેલ્પ મળી રહે.
- ગુમ થયેલ બાળકો અંગે જીલ્લાની મહીલા સુરક્ષા સમિતીની મહીલાઓ તેમજ એન.જી.ઓ. ચાઇલ્ડ વેલ્ફેર ઓફીસર તેમજ જીલ્લાના તમામ અધિકારીઓ સાથે મીટીંગો કરવામાં આવે છે.

### મુદ્દા નંબર (૩)

- **ટ્રાફીક અંગેના કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ હોય.**
- ટ્રાફીક સપ્તાહની ઉવજણી કરવામાં આવી રહેલ છે. ટ્રાફીક અવેરનસ અંગે શાળા કોલેજોમાં કાર્યક્રમો કરવામાં આવે છે.
- ટ્રાફીક જનજાગૃતિ અંગે ડોકયુમેન્ટરી ફિલ્મ બનાવી ટ્રાફીકના નિયમો સાથેની જાહેર જગ્યાઓ તેમજ શાળા કોલેજોમાં આર.ટી.ઓની મદદથી અવેરનશ કાર્યક્રમો રાખવામાં આવેલ.
- વારંવાર રોડ ઉપર ટ્રાફીક ડ્રાઇવ રાખી ટ્રાફીક અવેરનસ અંગેની સમજ આપવામાં આવે છે.

### મુદ્દા નંબર (૪)

- **ગુનાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટેજી અપનાવવામાં આવેલ છે ?**
- નેશનલ ૮ તેમજ અન્ય રસ્તાઓ ઉપર એકસીડન્ટ ઝોન નક્કી કરી રોડ એકસીડન્ટ, ટ્રાફીક નિયમન, કાયદો અને વ્યવસ્થાની જાળવણી સારુ સાઇનબોર્ડ, લગાડવામા; આવેલ છે.
- દરેક પોલીસ સ્ટેશન ખાતે ગૃહ વિભાગ ધ્વારા કેમેરા ઇન્સ્ટોલ કરવામાં આવેલ છે.
- નેશનલ હાઇવે નંબર ૮ ઉપર નાઇટ રાઉન્ડ દરમ્યાન સેકટરવાઇઝ ક્રોસ પેટ્રોલીંગ કરવામાં આવે છે. હોટલો, ઢાબા, તેમજ વાહનોનું ચેકીંગ સઘન બનાવવામાં આવેલ છે.
- વારંવાર કોમ્બીંગ નાઇટ રાખી શક પડતા ઇસમો, અવાવરુ જગ્યા, રેલવે સ્ટેશન, હોટલ ધાબા, વાહન ચેકીંગ તેમજ નાકાબંધી રાખવામાં આવેલ છે.
- ક્રાઇમ ઇન્સ્વેસ્ટીંગ અંગે પોલીસના માણસોને સેમિનાર યોજી ગુનાઓ અટકાવવા તેમજ ઇન્સ્વેસ્ટીંગમાં અવેરનસ આવે તે સારુ સેમિનારો યોજમાં આવે છે. ક્ષમતા વિકાસનું દરેક પોલીસ સ્ટેશન લેવલે આયોજન કરવામાં આવે છે.

### મુદ્દા નંબર (૫)

- **અન્ય લોકહિતની બાબતો જે લોકોના તુરતજ ધ્યાન પર આવે તેવી બાબતો.**
- સુરક્ષા સેતુ સોસાયટીના ભાગરુપે એસ.પી.સી. ના બાળકોને વિવિધ પ્રકારની તાલીમ કેમ્પ, સેમિનારનુ આયોજન કરવામાં આવે છે.
- ગતિશીલ ગુજરાત અન્વયે તિરંદાજી, મહિલાઓને ફાયરીંગ પ્રેકટીસ તેમજ સેલ્ફડીફેન્સની તાલીમ આપવામાં આવે છે.
- સુરક્ષા સેતુ અંતર્ગત ચીખલી પોલીસ સ્ટેશન ધ્વારા બ્લડ ડોનેટ કેમ્પ રાખવામાં આવેલ.

### ભાગ-૧ થી ૫

| અ.નં. | પો.સ્ટે.નુ નામ | ગુ.ર.નં. કલમ અને બનાવનુ સ્થળ | બનાવની તારીખ અને સમય | ગુન્હો દાખલ થયાની તા.ટા | ફરી.નુ નામ | આરોપી નું નામ | કારણ/ હેતુ | ટુંક વિગત | તપાસ કરનાર અધિ. | ગુન્હા ના સ્થળ ની મુલા કાત સમય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | જલાલપોર પો.સ્ટે. | ફ્સ્ટ ગુ.ર.નં.૨૬/૨૦૧૬ ઈ.પી.કો.કલમ ૪૦૬,૪૨૦,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબ મોજે- મેધા રેસીડન્સી અબ્રામા રોડ તા.જલાલપોર જી.નવસારી | માહે- એપ્રિલ ૨૦૧૫ થી આજદીન સુધી | ૧૯/૩/૨૦૧૬ ક.૧૪/૦૫ | દક્ષાબેન W/O બાબુભાઈ બાલુભાઈ પટેલ રહે- સી.આર.પાટીલ સંકુલ બિલ્ડીંગ નં.૨૪ રૂમ નં.૩,૪ કાલીયાવાડી રોડ દશેરા ટેકરી રોડ નવસારી | (૧) રંજનબેન વલ્લભભાઈ પટેલ રહે- મંછાડ ગામ તા.જલાલપોર જી.નવસારી હાલ રહે- મેધા રેસીડન્સી અબ્રામા રોડ તા.જલાલપોર (૨) દર્શાનાબેન પટેલ જેના બાપના નામની ખબર નથી રહે- મેધા રેસીડન્સી અબ્રામા રોડ તા.જલાલપોર | છેતરપીંડી કરવી. | એવી રીતે છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મેળાપણામા આ કામના ફરીયાદી તથા સાહેદોને લોન પાસ કરવા માટે ન્યુઝ પેપરમાં ખોટી લોભામણી જાહેરાત લખી વિશ્વાસમાં લઈ ભરોસો આપી વિશ્વાસઘાત તથા છેતરપીંડી કરી નાલાયક ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી એકબીજાની મદદગારીથી કુલ્લે રૂ.૧,૨૫,૦૦૦/- ની છેતરપીંડી કરી ગુનો કર્યા વિગેરે બાબત. | શ્રી બી.પી. રજીયા પોસઇ જલાલપોર પો.સ્ટે. | ૧૯/૩/૧૬ |

રોડ અકસ્માત તથા ફેટલની માહિતી

| અનં | પો.સ્ટે. | ગુ.ર.નં.અને કલમ | ગુ.બ.તા.ટા. | ગુ.જા.તા.ટા. | ફરીયાદીનું નામ મોબાઇલ નંબર | આરોપીનું નામ અને સરનામુ | બનાવવાળી જગ્યા નું નામ સ્થળ તથા રોડનું નામ /નંબર ( N.H.No. / S.H. No. / M.D.R. No. / | બનાવની ચોક્કસ જગ્યાનો ચેનેજ નંબર | બનાવમાં ભોગ બનનાર/સંડોવાયેલ વાહનનો પ્રકાર | ગુનાની ટૂંક વિગત | ત.ક. અમલદાર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | નવસારી રૂરલ પો.સ્ટે. | ફસ્ટ ગુ.ર.નં.૪૫/ ૨૦૧૬ ઇ.પી.કો. કલમ ૨૭૯,૩૩૭, ૩૩૮ MVAct ૧૭૭,૧૮૪ ,૧૩૪ મુજબ | ૧૫/૩/૨૦ ૧૬ ક.૦૦/૩૦ ના સુમારે | ૧૯/૩/૨૦ ૧૬ ક.૧૭/૩૦ | રંજનબેન W/O વિનોદભાઇ પરસોત્તમ વાઘેલા રહે- રૂમ નં.૧૦૬ ઓમસાંઇ રેસીડન્સી પલસાણા પો.સ્ટે.ની સામે તા.પલસાણા જી.સુરત | ટ્રક નંબર GJ-12-AY-7703 નો ચાલક જેના નામઠામની ખબર નથી. | મોજે- વેસ્મા ગામ પાસે નવજીવન હોટલ પાસે ને.હા.નં.૮ ઉપર તા.જી.નવસારી | | **<u>સંડોવાયેલ વાહનનો</u>** ટ્રક નંબર GJ-12-AY-7703 | એવી રીતે છે કે, એક ટ્રક નંબર GJ-12-AY-7703 ના ચાલકે ત્હો.મજકુરે પોતાના કબજાની ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદીની કારનું પંચર થયેલ કારનું ટાયર બદલતી વખતે ફરીયાદીના દિકરા મિતેષ અને વહુને અડફેટમાં લઇ બન્નેને માંથાના ભાગે તથા શરીરે ઇજાઓ પહોચાડી નાસી જઇ ગુનો કર્યા વિગેરે બાબત. | ASI રમેશભાઇ વિનાયકભાઇ નોકરી વેસ્મા ઓ.પી. નવસારી રૂરલ પો.સ્ટે. |

**દેશી દારૂ માટે ૧૫૦૦૦/- તથા વિદેશી દારૂ માટે ૨૫૦૦૦/- થી ઉપરના પ્રોહી-જુગારના ૨૫,૦૦૦/- કે તેથી વધુના કેસોની વિગત**

| જિલ્લો | પો સ્ટે તથા ગુ ર નંબર | બનાવનુ સ્થળ | બનાવની તારીખ | ગુનો દાખલ તારીખ | ફરીયાદી તથા તહોમતદારના નામ સરનામા તથા ટુંક વિગત તપાસ કરનાર અધિP |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| નવસારી | ચીખલી પો.સ્ટે. થર્ડ ગુ.ર.નં.૧૯૫/૨૦૧૬ પ્રોહી એકટ કલમ-૬૬(૧)બી,૬૫-AE ,૧૧૬(૨),૮૧ મુજબ | મોજે. બારોલીયા ખાડી ફળીયા તા.ચીખલી જિ.નવસારી | તા.૧૯/૦૩/૦૧૬ કલાક-૧૫/૦૦ થી ૧૬/૦૦ | તા.૧૯/૦૩/૦૧૬ કલાક-૨૦/૧૫ | **ફરીયાદી :- અ.પો.કો મુળુભાઇ લખુભાઇ બ.નં. ૮૩૦ નોકરી ચીખલી પો.સ્ટે. આરોપી :-વોન્ટેડ(૧)ભીખાભાઇ ઇસ્વરભાઇ નાયકા પટેલ રહે-બારોલીયા ખાડી ફળીયા તા.ચીખલી જિ.નવસારી વોન્ટેડ(૨)વિજય લલ્લુંભાઇ રહે.ખાપરીયા ગામ તા.ગણદેવી જિ.નવસારી ટુંક વિગત :- એવી રીતની છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી પોતાના કબજામાં બીયર વ્હીસ્કીની કુલે બાટલીઓ <u>નંગ-૩૯૧ જેની કુલ કી રૂા.૩૦,૮૫૦/-</u>ની વગર પાસ પરમીટે ગેરકાયદેસર રાખી પોલીસની રેડ જોઇ બન્ને આરોપીઓ ભાગી જઇ નહીં પકડાઇ ગુનો કર્યા વિગેરે તપાસ કરનાર અધિકારી :- ASI ખુશાલભાઇ પ્રેમાભાઇ બ.નં.૪૭૬ ચીખલી પો.સ્ટે.** |

| | | | | | |
|---|---|---|---|---|---|
| નવસારી | જલાલપોર પો.સ્ટે. થર્ડ ગુ.ર.નં.૨૨૧/૨૦૧૬ પ્રોહી એકટ કલમ- ૬૬(૧)બી,૬૫-AE ,૧૧૬(૨),૮૧ મુજબ | મોજે. બોરસી માછીવાડ ગામ તા.જલાલપોર | તા.૧૯/૦૩/૦૧૬ કલાક-૧૮/૦૦ | તા.૧૯/૦૩/૦૧૬ કલાક-૨૦/૦૦ | **ફરીયાદી :- હે.કો.રમેશભાઇ સુખાભાઇ નોકરી જલાલપોર પો.સ્ટે. આરોપી :- (૧) મંજુબેન ઉર્ફે જશોદાબેન ઉર્ફે જશીબેન W/O મણીભાઇ સોમાભાઇ ટંડેલ રહેઅ બોરસી માછીવાડ ગામ બસ સ્ટોપ ફળીયા તા.જલાલપોર (૨) જયોતીબેન W/O સંજયભાઇ છગનભાઇ ટંડેલ રહે- એજન (૩) રેખાબેન WD/O હીતેશભાઇ લાલજીભાઇ ટંડેલ રહે- એજન- (૪) વોન્ટેડ - જગદીશ ઉર્ફે અમથો રમણભાઇ ટંડેલ રહે- બોરસી માછીવાડ તા.જલાલપોર ટુંક વિગત :- એવી રીતે છે કે, આ કામના ત્હો.મજકુરોએ એકબીજાની મદદગારીથી આરોપી નં.૪ નાઓએ આરોપી નં.૧ થી ૩ નાઓને પર પ્રાનત બનાવટનો ઈગ્લીશ દારૂ બિયરની નાની મોટી બાટલીઓ નંગ ૩૭૨ કિમંત રુ.૪૯,૨૦૦/- ની સંતાળી રાખવા સારું આપતા ત્હો.નં.૧ થી ૩ નાઓ વગર પાસ પરમીટે રાખી પકડાઇ જઇ તેમજ ત્હો.નં.૪ નાનો નહી પકડાઇ જઇ ગુનો કર્યા વિગેરે બાબત. તપાસ કરનાર અધિકારી :- હે.કો.રમેશભાઇ સુખાભાઇ નોકરી જલાલપોર પો.સ્ટે** |

**A.D અકસ્માત મોત**

| જિલ્લો | પો.સ્ટે. | અ.મોત નંબર કલમ | બનાવ બન્યો તારીખ સમય | બનાવ જાહેર તારીખ સમય | બનાવની જગ્યા | જાહેરાત આપનારનું નામ, સરનામું | મરણ જનારનું નામ, સરનામું | બનાવની ટુંક વિગત | ત.ક.અ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| નવસારી | વાંસદા | અ.મોત નં.૧૦/૨૦૧૬ CRPC કલમ ૧૭૪ મુજબ | ૧૮/૩/૨૦૧૬ ક.૧૩/૦૦ થી ક.૧૯/૩/૨૦૧૬ ક.૮/૦૦ દરમ્યાન હર કોઈ વખતે | ૧૯/૩/૨૦૧૬ ક.૧૧/૧૦ | મોજે- નાની ભમતી તાલુકા બિયારણ વૃધ્ધી કેન્દ્રના કંપાઉન્ડમાં તા.વાંસદા | પ્રેમાભાઇ રઘાભાઇ ધો.પટેલ રહે.ભીનાર કાજીયા ફળીયા તા.વાંસદા મો.નં.૯૯૨૫૬ ૭૫૨૧૮ | સતિષભાઈ ઈશ્વરભાઈ કુકણા પટેલ રહે.ઉમરા ગામ નિશાળ ફળીયા તા.મહુવા જી.સુરત | એવી રીતે છે કે, આ કામે મરણ જનાર સતિષભાઇ ઇશ્વરભાઇ કુકણા પટેલ નાનો અસ્થિર મગજનો હોય, અને વાંસદા ગાંધીનગર ફળીયામાં રહેતી તેની બેન સંગીતાબેન રાજેશભાઇ કુકણાના ઘરેથી રાત્રીના અગ્યારેક વાગે ઘરેથી નિકળી ગયેલ અને નાની ભમતી બિયારણ વૃધ્ધી કેન્દ્રમાં કંપાઉન્ડમાં આવેલ વડના ઝાડ પર ચઢી નીચે પડી શરીરે ગંભીર ઈજા થવાથી મરણ ગયેલ છે. | શ્રી એસ.બી. વસાવા પોસઇ વાંસદા પો.સ્ટે. |